

## અંબાજીમાં નવા સર્કિટ હાઉસનું લોકાર્પણ

યાત્રાધામ અંબાજી ખાતે નવીન સર્કીટહાઉસનુ લોકાર્પણ આજ રોજ નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આજરોજ ગુજરાતના પ્રસિદ્ધ યાત્રા ધામ અંબાજીમા નવીન બનેલ સર્કીટહાઉસનુ લોકાર્પણ કરવા ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલ આજરોજ યાત્રા ધામ અંબાજી આવી પહોંચ્યા હતા. અંબાજી પહોંચ્યા બાદ સર્વ પ્રથમ તેમણે અંબાજી મંદિરના ગર્ભગૃહમાં જગત જનની મા અંબાના દર્શન કરી અને પુજા અર્ચના કરી. ત્યારબાદ ભટજી મહારાજની ગાદી પર જઈ રક્ષાપોટલી બંધાવી. ત્યારબાદ યાત્રાધામ અંબાજી ખાતે નવીન સર્કીટહાઉસનુ લોકાર્પણ નીતીનભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ સર્કીટહાઉસ ખાતે ભાજપ પાર્ટીના કાર્યકતાઓની બેઠક પણ રાખવામાં આવી હતી જેમાં નીતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે હાલમા કોરોના વાયરસનો કાળો કહેર ભારત પર યથાવત છે જેને ધ્યાને લઈ ભારત દેશના ઘણા ખરા તહેવાર સ્થગીત રાખવામાં આવ્યા છે તેમ આ વર્ષે ગાંધીનગરના રૂપાલ ગામમાં ભરાતો પલ્લીનો મેળો પણ સ્થગીત રાખવામાં આવશે.



## પ્રાંતિજ ખાતે ધરતી પુત્ર કિસાન ટ્રસ્ટ દ્વારા પ્રાંતિજ મામલતદારને આવેદનપત્ર આપ્યું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ધરતી પુત્ર કિસાન ટ્રસ્ટ દ્વારા પ્રાંતિજ મામલતદારને આવેદનપત્ર આપ્યું હતુ. પ્રાંતિજ ખાતે આજરોજ ધરતી પુત્ર કિસાન ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં જ માવઠાથી તૈયાર થયેલ નિષ્ફળ ગયેલ પાકને નુકશાન થતાં ખેડૂતોને વળતર ચુકવવા સરકારની સહાય યોજનામાં સમાવેશ કરવા તથા ડાંગરના ટેકાના ભાવે તાત્કાલિક ખરીદી કરવા માટે સરકારને રજુઆત કરવા માટે ધરતી પુત્ર કિસાન ટ્રસ્ટના પ્રમુખ-મંત્રી સહિત સભ્યો દ્વારા પ્રાંતિજ મામલતદાર એચપી ભગોરાને આવેદનપત્ર આપીને સરકાર સુધી પહોચાડવા માટે રજુઆત કરી હતી.

# આઈફોન માટે દેશમાં જાણીતા મોડાસા મોબાઈલ બજારમાં એસઓજી ત્રાટકી

### માસ્ટર મોબાઇલ દુકાનમાથી બીલ વગરના ૬ આઈફોન ઝડપ્યા

મોડાસા, તા. ૨૩

મોડાસાનું મોબાઈલમાર્કેટ દેશ-વિદેશના બીલ વગરના કે ચોરીના મોબાઈલ માટે સમગ્ર દેશમાં જાણીતું છે. લંડનથી માંડી લાહોર સુધીના મોબાઈલો આ માર્કેટમાંથી મળી રહે છે. ચોરીના મોબાઈલના એપી સેન્ટર સમા આ મોબાઈલ માર્કેટમાં વર્ષ દરમ્યાન જુદાજુદા રાજયોની પોલીસ ટીમો તપાસના નામે ઉતરી આવે છે. કુલડીમાં ગોળ ભાગી રવાના થઈ જતી હોય છે. જિલ્લાની એસઓજી અને એલસીબી પોલીસની ટીમો દ્વારા પણ આ માર્કેટમાં રેડ કરાતી હોય છે અને જરૂરી કેસ કાર્યવાહી હાથ ધરાતી હોય છે. પરંતુ એક યા બીજા કારણોસર આ બદી દૂર થતી નથી ત્યારે વધુ એકવાર અરવલ્લી એસઓજીની ટીમ મોબાઈલ માર્કેટમાં ત્રાટકતા મોબાઈલ બજારમાં ભારે અફડાતફડી મચી હતી. એસઓજી ટીમે લક્ષ્મી શોપિંગ સેન્ટરમાં આવેલી માસ્ટર મોબાઈલ નામની દુકાનમાંથી ૬ આઈફોન રૂ.૬૭ હજાર જપ્ત કરી વેપારીની અટકયાત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



અરવલ્લી એસઓજી પીઆઈ જે.પી. ભરવાડ અને પોલીસકર્મી રાજેશભાઈ, અતુલભાઈ, પ્રવીણભાઈ સહિતની ટીમે મોડાસા બસ સ્ટેન્ડ સામે આવેલ મોબાઈલ બજારમાં ત્રાટકી મોબાઈલની દુકાનોમાં તપાસનો ધમધમાટ શરૂ કરતા ચોરી અને બીલ વગરના મોબાઈલ વેચાણ કરતા વેપારીઓમાં અફડાતફડી મચી હતી, કેટલાક વેપારીઓએ દુકાનમાં શટર પાડી દીધા હતા. એસઓજી ટીમે લક્ષ્મી શોપિંગ સેન્ટરમાં આવેલી માસ્ટર મોબાઈલ નામની દુકાનમાંથી બીલ વગરના અલગ અલગ મોડલના ૬ આઈફોન મળી આવ્યા હતા. એસઓજી પોલીસે ૬૭ હજારના આઈફોન કબ્જે લઈ મોહમ્મદસલીમ ગુલામમોહમ્મદ ખાલક (રહે. કોટ વિસ્તાર, મોડાસા)ની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

એસઓજીની ટીમની મોબાઈલ બજારમાં રેડથી મોબાઈલ બજારમાં સન્નાટો છવાઈ ગયો હતો. ચોરીના અને બીલ વગરના મોબાઈલ વેચાણ કરતા લેભાગુ વેપારીઓએ થોડો સમય બે નંબરી ધંધો બંધ કરી દેવાની ફરજ પડી છે.

# બનાસકાંઠામાં પોસ્ટની મહિલા પ્રધાન બચત યોજનાના કાર્ડ ખૂટી પડ્યા!

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે મહિના થી પોસ્ટ વિભાગની મહિલા પ્રધાન બચત યોજનાના કાર્ડની અછત સર્જાઈ રહી હોય પોસ્ટમાં બચતની કામગીરી ખોરંભે ચડી છે જોકે નાની બચત ના કાર્ડ ખૂટી પડ્યા હોવાના કારણે પોસ્ટમાં મહીલાઓના નવા બચત ખાતા ન ખુલતા હોઈ પોસ્ટના એજન્ટો પણ મુશ્કેલીમાં મુકાયા છે ત્યારે જવાબદાર તંત્ર દ્વારા પોસ્ટને આર્થિક સદ્ધર બનાવવા તેમન મહિલા બચતને પ્રાધ્યાન આપવા માટે સત્વરે મહિલા પ્રધાન બચતના કાર્ડની અછતને દૂર કરવા માં આવે તેવી માંગ ઉઠી છે.

કેન્દ્ર સરકાર દ્વારા મહિલા ઓને આર્થિક સદ્ધર અને સ્વનિર્ભર બનાવવા માટે પોસ્ટ વિભાગ માં મહિલા પ્રધાન બચત યોજના શરૂ કરવામાં આવી છે જેમાં મહિલાઓ દર મહિને પોસ્ટમાં પોતાની નાની મોટી મૂડીની બચત કરી શકે છે જે માટે જિલ્લા કેલકટરના સિક્કા વાળા કાર્ડ તાલુકા મથકેથી પોસ્ટ તેમજ પોસ્ટના માન્ય એજન્ટને ફાળવવા માં આવે છે અને પોસ્ટના મહિલા ખાતેદારને સરકાર માન્ય કરેલ આ મહિલા પ્રધાન બચતના કાર્ડ ઈશ્યુ કરવામાં આવે છે જોકે બનાસકાંઠા જિલ્લામાં ચાલુ વર્ષે કોરોના પ્રકોપને રોકવા લાગેલા લોક ડાઉનને લઈ પોસ્ટમાં મહિલા બચતની કામગીરી બંધ રહી હતી.

જે બાદ બજાર રાબેતા મુજબ શરૂ થતાં નાની બચત યોજનાના કાર્ડ ન મળતા પોસ્ટમાં મહિલા બચતની કામગીરી ખોરંભે ચડી છે જોકે પાલનપુરમાં છેલ્લા બે મહિલા થી મહિલા પ્રધાન યોજનાના કાર્ડ ન હોઈ પોસ્ટમાં નવા ખાતા ન ખુલવાને લઈ પોસ્ટના એજન્ટો પણ મુશ્કેલીમાં મુકાયા છે ત્યારે જિલ્લા કલેક્ટર દ્વારા પોસ્ટમાં મહીલા બચતને વેગ આપવા માટે સત્વરે નાની બચત યોજનાના કાર્ડ ઈશ્યુ કરાવવામાં આવે તેવી માંગ ઉઠી છે.

### મોડાસા ચાર રસ્તા પર આવેલ

# એસબીઆઈનો કર્મચારી કોરોનામાં સપડાયો

### ત્રણ દિવસ કામકાજ બંધ, બેંકની મુલાકાત લેનાર ગ્રાહકોમાં ફફડાટ

મોડાસા, તા. ૨૩

દેશમાં કોરોના વાયરસથી સંક્રમિત થનારા દર્દીઓની સંખ્યા ૭૮ લાખની નજીક પહોંચી ગઈ છે. જ્યારે મૃત્યુઆંક ૧.૧૭ લાખને પાર કરી ગયો છે. ગુજરાતમાં કોરોનાના કેસો સતત વધી રહ્યા છે, રાજ્યમાં કોરોના સંક્રમિત દર્દીઓનો દૈનિક કેસો ચાર આંકડા ઉપર નોંધાઈ રહ્યા છે, અરવલ્લી જીલ્લામાં કોરોનાનું સંક્રમણ દિવસે દિવસે સતત વધી રહ્યું છે, ધીરે ધીરે બેંકના કર્મચારીઓ કોરોનામાં સપડાઈ રહ્યા છે.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ગ્રાહકોને બેંકે ગ્રાહકોને નવા ફોર્મની જરૂરિયાત સાથે ફરીથી કેવાયસી અપડેટ કરવા શાખા પ્રબંધકને જમા કરાવવાના મેસેજથી ગ્રાહકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. અરવલ્લી જીલ્લામાં બેંક કર્મચારીઓ સતત કોરોનાગ્રસ્ત બની રહ્યા છે. મોડાસા શહેરના ચાર રસ્તા પર આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખામાં કોરોનાએ પગ પેસારો કરતા ગ્રાહકોમાં ફફડાટ ફેલાયો છે. સરકારી ગાઈડલાઈન અનુસાર બ્રાન્ચને સૅનેટાઈઝ કરવાની સાથે બેંકનું કામકાજ ત્રણ દિવસ સ્થગીત કરવામાં આવ્યું છે.



જિલ્લાની મુખ્ય બ્રાન્ચ એવી મોડાસા ચાર રસ્તા ખાતે આવેલ એસબીઆઈ શાખાનો કર્મચારી કોરોના સંક્રમિત થતા બેંકનું કામકાજ ત્રણ દિવસ માટે સ્થગિત કરી દેવામાં આવ્યું છે, ત્યારે મોડાસા એસબીઆઈ શાખામાં છેલ્લા સપ્તાહ દરમિયાન બેંકની કામગીરી માટે મુલાકાત લેનાર લોકો અને વૃધ્ધોમાં ભારે ફફડાટ ફેલાયો છે. આરોગ્યતંત્રએ બેંક સૅનેટાઈઝ કરવાની સાથે બેંક વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવા તજવીજ હાથ ધરી હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી.

## પ્રાંતિજ ખાતે યોજાતો પલ્લી મેળા ઉપર કોરોનાનું ગ્રહણ

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે આવેલ શ્રી બ્રહ્માણી માતાના મંદિર ખાતેથી નિકળતી પલ્લી આ વખતે કોરોનાના ગ્રહણને લઈને મોકુફ રાખવામાં આવી હતી. ચાલુ સાલે કોરોનાના કહેરને લઈને આ વર્ષે વિવિધ તહેવારો ઉપર ગ્રહણ લાગ્યું છે ત્યારે નવરાત્રીમાં પણ કોરોનાનું ગ્રહણ લાગ્યું છે ત્યારે પ્રાંતિજના સુપ્રસિધ્ધ શ્રી બ્રહ્માણી માતાજીના મંદિર ખાતેથી પાંડવો વખતથી નિકળતી પલ્લી આ વર્ષે કોરોનાના ગ્રહણને લઈને મોકુફ રાખવામાં આવી છે ત્યારે પાંડવો વખતથી નિકળતી પલ્લી ઉપર કોરોનાનું ગ્રહણ લાગ્યું છે ત્યારે મંદિરના ટ્રસ્ટી અશોકભાઈ પટેલે જણાવ્યું હતું કે આ વર્ષે કોરોનાની મહામારીને લઈને સરકારની ગાઈડલાઈન મુજબ મંદિર ખાતે હાલ નવરાત્રી પણ મોકુફ રાખેલ છે અને દર વર્ષ નવમાં નોરતે નુમના દિવસે ભરાતો પલ્લી મેળો તથા મંદિર ખાતેથી પાંડવો વખતથી નિકળતી પલ્લી યાત્રા પણ આ વર્ષે કોરોનાની મહામારીને લઈને સરકારની ગાઈડલાઈન મુજબ મોકુફ રાખેલ છે.

# મોડાસાની ફૈઝે રસુલ સોસાયટીમાં રહેતો પરિવાર મુંબઈ મહેમાનગતિએ ગયો અને તસ્કરો તેમના ઘરે મહેમાન બન્યા

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જીલ્લામાં તસ્કરોએ શિયાળાની જમાવટ થાય તેના પહેલા જમાવટ કરી હોય તેમ સતત ઘરફોડ ચોરીનો ગ્રાફ ઉંચકાઈ રહ્યો છે. મોડાસા શહેરની ફૈઝે રસુલ સોસાયટીમાં રહેતો મકરાણી પરિવાર મુંબઈ મિત્રના ઘરે સામાજીક પ્રસંગે ગયો હતો ત્યારે બંધ મકાનમાં તસ્કરો ત્રાટકી ૧૦ લાખથી વધુની રોકડ રકમ અને કિંમતી આભુષણ



સહીત મોંઘીદાટ બે ઘડિયાળની ચોરી કરી પલાયન થઈ જતા. સમગ્ર વિસ્તારમાં ઘરફોડ ચોરોનો ભય ફેલાયો હતો, મકરાણી પરિવારને ઘરમાં તસ્કરો ત્રાટક્યા હોવાની જાણ થતા તાબડતોડ મુંબઈથી મોડાસા દોડી આવ્યા હતા અને મોડાસા ટાઉન પોલીસને જાણ કરતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી રાબેતા મુજબ પ્રાથમીક તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી હતી.

મોડાસા પોલીસ લાઈનમાં પોલીસકર્મીના બંધ કવાટર્સનું તાળું તોડી ૧.૮૯ લાખની ચોરીની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યારે મોડાસા શહેરમાં વધુ એક ઘરફોડ ચોરીની ઘટના બનતા શહેરીજનોમાં ભારે ફફડાટ



ફેલાયો છે. મોડાસા શહેરની ફૈઝે રસુલ સોસાયટીમાં રહેતા એડવોકેટ મોહમ્મદખાન મકરાણી શનિવારે તેમના પરિવાર સાથે સામાજીક પ્રસંગમાં સહપરિવાર ગયા હતા ત્યારે તેમના બંધ મકાનના દરવાજાનું તાળું નકુચા તોડી તસ્કરો ત્રાટકી કબાટના લોક તોડી નાખી રોકડ રૂપિયા દોઢ લાખ અને ૨૦ તોલથી વધુના સોના-ચાંદીના દાગીના અને બે મોંઘીદાટ ઘડિયાળની ચોરી કરી રફુચક્કર થઈ ગયા હતા. મોહહમ્મદખાન મકારાણીના મિત્ર તેજસ પટેલ મંગળવારે ઘરે કામકાજ અર્થે પહોંચતા દરવાજા અને ઘરનું તાળું તૂટેલું જોતા તેમને તેમના ઘરે ચોરી થઈ હોવાનું જણાવતા મોહમ્મદખાન તાબડતોડ મુંબઈથી મોડાસા પહોંચ્યા હતા અને ઘરમાંથી રોકડ રકમ સહીત લાખ્ખો રૂપિયાના ઘરેણાંની ચોરી થતા મોડાસા ટાઉન પોલીસને જાણ કરતા મોડાસા ટાઉન પોલીસે ચોર તસ્કર ગેંગને ઝડપી પાડવા કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ચક્રો ગતિમાન કર્યા હતા.

# બનાસકાંઠામાં કોરોનાના વધુ ૧૬ કેસ નોંધાયા

સરહદી બનાસકાંઠા જિલ્લામાં શુક્રવારે કોરોનાના વધુ ૧૬ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૩૭૩ પહોંચી ગઈ છે. કુલ મૃત્યુઆંક ૬૧ પહોંચ્યો છે.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ ચિંતાજનક હદે વધી રહ્યું છે. જ્યાં શુક્રવારે કોરોનાના વધુ ૧૬ પોઝિટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૩૭૩ એ પહોંચી ગઈ છે. જયારે મૃત્યુઆંક ૬૧ એ પહોંચ્યો છે.

આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, પાલનપુર ૦૭, ડીસા ૦૬ અને દિયોદરમાં ૦૩ કેસ નોંધાયા હતા. કુલ ૯૮૮ સેમ્પલમાં ૧૬ નો પોઝિટિવ રિપોર્ટ આવ્યો હતો. જયારે મૃત્યુઆંક ૬૧ એ પહોંચ્યો છે.

## તાલુકાના ખેરગઢ પાસે બે બાઈકોના અકસ્માતમાં એકનું મોત બે ને ઈજા

ખેડબ્રહ્મા તાલુકાના ખેરગઢ ગામ પાસે ગુરુવારના રોજ બે બાઈકો વચ્ચે અકસ્માત થતા એક બાઈક સવારનું મોત નીપજ્યું હતું. બે ને ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા. ખેડબ્રહ્મા તાલુકાના જડીસીમબલ ગામના અર્જુનભાઈ તથા તેમનો ભત્રીજો કલ્પેશભાઈ લક્ષ્મીપુરા કામ માટે બાઈક નંબર જી.જે.૯.સીજી. ૯૭૩૯ની લઈ ગયા હતા, ધોળી વાવ અને જાડીસીમબલ વચ્ચે બાઈકસાવર પોતાનુંબાઈક જી.જે.૯.એ.૮૫૧૩ નું પુરઝડપે લાવી અર્જુનભાઈના બાઈકને ટક્કર મારતા અર્જુનભાઈ, કલ્પેશભાઈ તથા બાઈક ચાલક નીચે પટકાઈ ગયા હતા. અર્જુનભાઈના માથાના ભાગમાં વધુ ઈજાઓ જતા મરણ ગયા હતા અને કલ્પેશભાઈને ઈજાઓ પહોંચી હતી. બાઈકવાળાને ઈજા થતા હિમતનગર રીફર કરવામાં આવ્યા હતા જેથી ઉજમાંભાઈ નારસાભાઈ ડામોર બાઈક ન.જી.જે.૯.એ.૮૫૧૩ના ચાલકે બાઈક પૂર ઝડપે ચાલવી અર્જુનભાઈને ટક્કર મારી મોત નિપજાવતા ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## પોશીના તાલુકાના કોટડા ગામે બોગસ ડોક્ટરનો રાફડો ફાટ્યો

કોટડા ગામે તંત્રની રહેમ નજર હેઠળ કારોબાર અંતરિયાળ વિસ્તાર એવા પોશીના તાલુકાના છેવાડામાં આવેલા કોટડા ગામે ડિગ્રી વગરના ડોક્ટર બની બેઠેલા બોગસ તબીબોનો ૧૫ થી ૨૦ હાટડીઓ ખુલી બેઠેલા પોશીના આરોગ્ય વિભાગની રહેમ નજર હેઠળ આ લોકોનો વ્યવસાય ફળ્યો ફૂલ્યો રહેલ છે જ્યારે જિલ્લા અધિકારી કોટડા ગામની મુલાકાત લે તો ઝોલાછાપ અને ડિગ્રી વગરના ડોક્ટરો ગણતરી વગરના મળી આવે તેવી છે. આરોગ્ય કેન્દ્રના અધિકારીઓ આ લોકોને કેમ છાવરી રહ્યા છે અને ધી ગુજરાત મેડિકલ પ્રેકટીસ એક્ટ કલમ ૧૯૬૩ અધિનિયમ હેઠળ ગુનો કરતાં આ તમામે તમામ અધિકારીઓને આરોગ્ય વિભાગના અધિકારીઓ છાવરતા હોય તેવું દેખાઈ રહ્યું છે.

# હાથમતી-બુઢેલી નદીના ડીપ પરથી અવરજવર માટે રસ્તો બનાવવા સંદર્ભે મામલતદારને આવેદનપત્ર અપાયું

ભિલોડા,તા.૨૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કુંડોલપાલ વિસ્તારમાં મોબાઈલ નેટવર્ક સત્વરે શરૂ કરવા અને અતિવૃષ્ટીના કારણે હાથમતી-બુઢેલી નદીના તમામ ડીપ પરથી અવરજવર કરવા યોગ્ય રીતે બનાવવા સંદર્ભે જરૂરીયાત હોઈ સત્વરે મોબાઈલ નેટવર્ક આપવા માંગણી છે.ભિલોડા તાલુકામાં આદિજાતિ વિસ્તાર હોઈ સત્વરે જે ગામમાં મોબાઈલ નેટવર્ક ન હોઈ ત્યાં મોબાઈલ નેટવર્ક ઉભુ થાય તેવી માંગણી છે.રાયસિંગપુર, ચોરીમાલા, વિરપુર, ઝીંઝુડી, જાયલા, પ્રજાજનોની માંગણી છે.હાથમતી અને બુઢેલી નદી કિનારે ખેડુતોની જમીનોનું ધોવાણ થતું હોય તેને અટકાવવા સંદર્ભે રાજ્ય સરકાર ધ્વારા પ્રોટેકશન વોલ જેવા યોગ્ય પગલાં લેવામાં આવે તેવી રજુઆત કરાઈ હતી.



મામલતદાર આર.વી.વણકરને સ્થાનિક આગેવાનો ધ્વારા આવેદનપત્ર અપાયું હતું. પુર્વ પ્રમુખ,ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતિના બલભદ્રસિંહ ચંપાવત સહિત સ્થાનિક આગેવાનો ધ્વારા વિવિધ સમસ્યાઓ હલ કરવા સંદર્ભે મૌખિકમાં અધિકારીઓ સમક્ષ ધારદાર રજુઆતો કરાઈ હતી.સમસ્યાઓ સત્વરે હલ નહીં થાય તો ગાંધીચિંધ્યા માર્ગે લડત આપવાની ચિમકી ઉચ્ચારી હતી.

(૧) કુંડોલપાલ (માંડેપણ-સુંદરપુર) ગામમાં મોબાઈલ નેટવર્ક બીલકુલ ન હોઈ ખુબ મોટી વસ્તી હોવા છતાં આદિવાસી સમાજના વિદ્યાર્થીઓનું ભાવિ અંધકારમય બનતું હોઈ ત્યારે હાલના સંજોગોમાં મોબાઈલ નેટવર્કની તમામ ક્ષેત્રે કલ્યાણપુર, વજાપુર, પાદરા, નવલપુર, ઉબસલ, બોલુન્દ્રા, ટાકાટુકા, સીલાદ્રી, કમઠાડીયા, ચુનાખાણ, વાંસળી, મઠ, સુરપુર, સિલાસણ સહિત ગ્રામ્ય વિસ્તારોમાં પણ પુરતું નેટવર્ક ઉપલબ્ધ ન હોઈ સત્વરે મોબાઈલ નેટવર્કની ફિકવન્સી મળી રહે તેવી રજુઆત કરાઈ હતી.

(૨) આ તમામ વિસ્તારમાંથી હાથમતી,બુઢેલી નદી અને વાંઘા પસાર થતા હોઈ તેવી તમામ જગ્યાએ ડીપ અને અવરજવરના વાંઘા પરના રસ્તા ચોમાસા દરમ્યાન અતિવૃષ્ટીના કારણે ધોવાઈ થઈ જતા અવરજવર થઈ શકતી ન હોઈ તાત્કાલીક ધોરણે ડીપ તૈયાર કરવામાં આવે તેમજ આગામી સમયમાં રાજ્ય સરકાર ધ્વારા પુલ બનાવવામાં આવે તેવી સ્થાનિક

(૩) જંગલોની જાળવણી વર્ષોથી આદિવાસી સમાજ ધ્વારા કરવામાં આવતી હોઈ ત્યારે જમીનોની જાળવણી માટે ભવિષ્યમાં કોઈ એજન્સીને નહીં પણ જાળવણી કરવા જે-તે ગામની વન મંડળીને સોપવામાં આવે અને માસિક વળતર વન મંડળીને ચુકવવામાં આવે તેવી રજુઆત કરાઈ હતી.મોબાઈલ નેટવર્ક અને નદી,નાળા પરના રસ્તાઓ સત્વરે રીપેર કરવા સંદર્ભે મામલતદારને આવેદનપત્ર અપાયું હતું.કુંડોલપાલ વિસ્તારના સ્થાનિકોની ન્યાયિક માંગણી સત્વરે નહીં સ્વીકારવામાં આવે તો આગામી સમયમાં ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેમ આવેદનપત્રમાં લેખિતમાં જણાવ્યું હતું.